# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૮/૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)
————————————————————————————————

# ચેમ્બરમાં ભારત સરકારના રાજય કક્ષાના એમએસએમઇ મંત્રી શ્રી પ્રતાપચંદ્ર સારંગી સાથે ઉદ્યોગકારોનું ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૧૮ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે ભારત સરકારના રાજય કક્ષાના એમએસએમઇ એન્ડ એનીમલ હસબેન્ડરી, ડેરી એન્ડ ફિશરીઝ મંત્રી શ્રી પ્રતાપચંદ્ર સારંગી સાથે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં માનનીય મંત્રીશ્રીએ લઘુ ઉદ્યોગોના વિકાસ માટે સરકાર દ્વારા ટેકનોલોજી અપગ્રેડેશન માટે વર્લ્ડ કલાસ પ્લેટફોર્મ બનાવવામાં આવી રહયુ હોવાનું જણાવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ આજના સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સુરત સહિત આખુ દક્ષિણ ગુજરાત એમએસએમઇનુ હબ છે. આથી એમએસએમઇ સંબંધિત ઇશ્યુને ધ્યાનમાં રાખીને ઉદ્યોગોના વિકાસ માટે બજેટમાં પ્રોત્સાહન આપવામાં આવે તેવો અનુરોધ મંત્રીશ્રીને કર્યો હતો. ભુવનેશ્વર માટે સુરતથી સીધી ફલાઇટ શરૂ થવા જઇ રહી છે ત્યારે બિઝનેસને પણ પુશઅપ મળશે તેમ જણાવી તેમણે ચેમ્બર દ્વારા આગામી માર્ચ મહિનામાં યોજાનારા 'ફૂડ એન્ડ એગ્રી એક્ષ્પો'માં પધારવા માટે મંત્રીશ્રીને આમંત્રણ પણ આપ્યુ હતુ.

ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, દેશમાં ગુજરાત અને તમિલનાડુ સૌથી વધારે એમએસએમઇ ધરાવે છે. એકમાત્ર દક્ષિણ ગુજરાતમાં દેશના ૫૨ ટકા એમએસએમઇ ઉદ્યોગ છે અને ૭૨ ટકા રોજગારી આ ઇન્ડસ્ટ્રી દ્વારા ડાયરેકટ અને ઇનડાયરેકટ મળી રહી છે. પણ આ ઇન્ડસ્ટ્રીમાં ટેકનોલોજીને અપગ્રેડેશન કરવાની જરૂર છે. આથી સરકાર દ્વારા આ દિશામાં પ્રયાસ કરવામાં આવે તેમ તેમણે જણાવ્યુ હતુ.

માનનીય મંત્રી શ્રી પ્રતાપચંદ્ર સારંગીએ ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યુ હતુ કે, દેશના આર્થિક વિકાસમાં એમએસએમઇની મહત્વની ભૂમિકા રહી છે. દેશની ઇકોનોમીને ૫ ટ્રીલિયન ડોલર બનાવવા માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો છે. એના માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી બધા મંત્રીઓ સાથે વન ટુ વન મિટીંગ કરી રહયા છે. લઘુ ઉદ્યોગોમાં દેશની મોટી સંભાવના જોવામાં આવી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, એમએસએમઇને આગળ વધારવા માટે વેલ્યુ એડીશન કરવાની જરૂર છે. સરકાર દ્વારા ટેકનોલોજી અપગ્રેડેશન માટે વર્લ્ડ કલાસ પ્લેટફોર્મ બનાવવામાં આવી રહયુ છે. એના માટે પોર્ટલ પણ બની રહી છે. રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે દેશમાં વિવિધ સ્થળે વર્લ્ડ કલાસ ટેકનોલોજી સેન્ટર ઉભા કરવામાં આવશે. માર્કેટીગને આગળ વધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે. મોટા ઉદ્યોગની સાથે નાના ઉદ્યોગોનો તાલમેલ બેસાડવા માટે પ્રયાસ કરાશે. દેશમાંથી થતા એક્ષ્પોર્ટને તેમજ જીડીપી યોગદાનને ડબલ કરવાનું લક્ષ્ય છે. સરકાર વિવિધ વિભાગોને સાથે રાખીને એકશન પ્લાન બનાવી રહી છે.

મંત્રીશ્રીએ વધુમાં કહયુ કે, યુવાનો નોકરી કરવા માટે વિદેશ જઇ રહયાં છે તે યોગ્ય નથી. યુવાનોએ નોકરી કરવા કરતા ઉદ્યોગ કરવો જોઇએ. પરિવર્તનનુ કામ ગુજરાતથી શરૂ થયુ છે. તેમણે કહયુ કે, સરદાર વલ્લભભાઇ પટેલનું સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનિટી ટુરીઝમ ક્ષેત્રે વિશ્વનુ મહાન સ્થાન બનશે. તેમણે ઉદ્યોગપતિઓને ઓરિસ્સામાં રોકાણ કરવા માટે પણ આમંત્રણ આપ્યુ હતુ.

ચેમ્બરના ઇવેન્ટ્ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી બિજલ જરીવાલાએ સેશનમાં પ્રાસંગિક વિધી કરી હતી. મંત્રીશ્રીએ ઉદ્યોગકારોના એમએસએમઇ અને એગ્રીકલ્ચર સંબંધિત વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.